**VASISHTHA GENESIS SCHOOL, BARDOLI**
**Academic Session 2026-27**

**Date: ________ Class: 8 Div: Roll No: ______ Sub: 3.Guj**

**Name: ________________________________________ Worksheet:** નિબંધ PT-2

# 1.**નવરાત્રી**

પ્રતિવર્ષ આપણા ગુજરાતમાં આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધીના નવ દિવસોનવરાત્રિ મહોત્સવના નામે ઓળખાય છે અને ઉજવાય છે.

જેમ બંગાળમાં "દુર્ગાપૂજા" ના દિવસોનું ભારે મહત્વ છે તેમ ગુજરાતમાં "અંબા બહુચરા-કાળકા" જેવી મહાશક્તિશાળી દેવીઓઅની પૂજા આરાધના અને યજ્ઞો ઉપરાંત રાતના મોડે સુધી રાસ-ગરબા ગાવાનું ઘણું માહાત્મય છે. વળી કોઈ કોઈ સ્થળે તો નવને બદલે દસમો દશેરાનો દિવસ અને પછી પંદરમો શરદપૂર્ણિમાનો દિવસ પણ આ મહોત્સવમાં વણી લેવામાં આવે છે. ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં શક્તિપુજા અતિ ઘણુ મહત્વ પરાપૂર્વથી ચાલ્યું આવે છે. અંબા,બહુચરા, મહાકાળી, ભદ્રકાળી, જક્ષણી,ખોડિયાર રનાદે, આશાપુરી, એવા અનેક નામે ગરબા ગવાય છે. પરંતુ એમાં પ્રધાસર તો શક્તિપૂજાનો જ છે.

નવરાત્રિના આ નવ દિવસોમાં ગામડે-ગામડે પોતપોતાની કુળદેવી મંદિરે 'કુંભસ્થાપન' કર ઈ નવેઉ દિવસ એની પૂજા-આરતી થાય છે. નવરાત્રિના અને પૂજામાં બેસનાર નવ દિવસ ઉપવાસ કરે છે. કયાંક ફરાળી ઉપવાસ થતા હોય છે તો કયાંક નકોરડા ! આઠમના દિવસે હવન થયા અને પછી નવ નૈવેદ્ય માતાજીને ધરાવીને પારણાં કરવામાં આવે છે.

નવરાત્રિ મહોત્સવનું આગવું મહત્વ રાને જોવા મળે છે હવે તો શહેરોમાં જ નહિં ગામડાઓમાં પણ માંડવી અને સમૂહગરબાના જંગી કાર્યક્રમો હાથ ધરાય છે. ભવ્ય રોશનીથી રાતને રંગીન બનાવી દેવામાં આવે છે. માઈક લાઉડસ્પીકર દ્વાર બુલંદ અવાજે સુરીલા કંથમાંથી ગરબાની સુરવલિ પ્રસરે છે અને માત્ર સ્ત્રીઓ જ નહિ પુરૂષો પણ હાથમાં ડાંડિયા લઈને તાલબદ્ધ રીત રાસ રમે છે! સંગીતનો સાથ હોય, ઢોલત્રાંસાનો નાદ હોય, ગવદાવનારાના કંઠમાં પ્રાણ હોય અને હજારો પ્રેક્ષકોના ટોળાં આ દૃશ્ય જોનાર હોય પછી ઝીલનારાંને પોરસ ચડે એમાં શી નવાઈ ?

શહેરોમાં તો હવે નવારાત્રિ મહોત્વસને માઝા મુકી દીધી છે એમ કહીએ તો એમાં ખોટું નથી . શક્તિપૂજા એક આડંબર બની ગઈ છે અને ગરબા કેવળમનોરજનનું સાધન ! કોલિજિયન યુવકો અને યુવતીઓ ડેચોક ડિસ્કો ડંસ કરી નવરાત્રિના દિવસોમાં દુનિયાને નચાવી રહ્યા છે ત્યારે એમ થાય છે કે આપણે આપણા તહેવારોમાં આં પડેલી આ બધી વિકૃતિઓ સમે મેં આંખમીચામણા જ કરવાના?

શહેરમાં નવરાત્રિ મહોત્સવના બહાને ખેટકપનો અને ડ્રો નું એક મોટું કૌભાંડ શરૂ થાય છે તો બીજી બાજુ ગભ કે પાવાગઢની પ્રતિકૃતિરૂપ બનાવટી ડુંગરોની રચના કરી એને વીજળીથી રોશનીથી કલાત્મક આકર્ષકતા બક્ષી એનું કોઈ મિનિસ્ટરના હાથે ઉદઘાટન કરાવી, નવ દિવસ સુધી જાહેર જનતાને પ્રવેશ ટિકિટ ખર્ચીને એ જોવા આવવા લલચાવવામાં આવે છે અને આ રીત હજારો રૂપિયાની આવક ઉભી કરી લેવામાં આવે છે.

વળી માતાજીની આરતી નામે ઉછામણી બોલાય છે અને સૌથી વધુ રકમ બોલી નામના મેળવવા ઈચ્છનાર પાસે જ આરતી ઉતરાવાય છે. એ પણ એક નાટક જ ખેલાય છે ને?

જેમને શેરીઓઅમાં કે પાળોમાં ગરબા ગાવાની મઝા નથી અવાતે તેઓ ગરબા કલલો સ્થાપીને હવે સ્ટેજ પર ગરબા ગાવા જાય છે ને મોંઘીદાટ ટિકિટો ખર્ચીને શ્રીમંતો આવા ગરબાના શો જોવા થિયેટરોમાં, ટાઉનહોલ જાય છે વાહ રે ! ભાઈભક્તો ! ધન્ય છે તમારી માતૃભક્તિને અને સિનેમાના ઢાળમાં માતાજીના ગરબા રચી દેવાની શીઘ્ર સર્જનશક્તિને ! પેલો આ માથે કાણાવાળો માટીનો ગરબો કે જેમાં સળગતો દીવો સતની જ્યોત જેવો ઝગમગતી રહેતા હતો તે ક્યાં થયો ગયો એ જોવા માટે કોઈ ગુજરાતી ફિલ્મ જોવા ઘુસી જવું પડે એવી હાલત છે કેમ ખરું ને!

## 2. 26 **મી જાન્યુઆરી (પ્રજાસતાક દિન)**

ભારત ની પ્રજા ઉત્સવ પ્રિય છે, આથી ભારત માં વર્ષ દરમિયાન અસંખ્ય તહેવારો ની ઉજવણી થાય છે. જેમા ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રિય તહેવારો નો સમાવેશ થાય છે. 15 મી ઓગસ્ટ અને 26 જાન્યુઆરી આપણાં રાષ્ટ્રીય તહેવારો છે. અને આ તહેવારો કશ્મીર થી કન્યાકુમારી સુધી સમગ્ર ભારત ભરમાં ખૂબ હર્ષોલાસ થી ઉજવાઇ છે.

15 મી ઓગસ્ટ 1947 ના રોજ આપણો ભારત દેશ આઝાદ થયા બાદ આટલા મોટા દેશ ની પ્રજા ની સુખાકારી અને સલામતી માટે તથા દેશ ના ઉજ્જવળ ભવિષ્ય માટે દેશ ના લોકો નું પોતીકું બંધારણ ની રચના કરવા માટે એક બંધારણ સમિતિ ની રચના કરવામાં આવી. ભારત દેશ માટે એક ઉમદા બંધારણ નિર્માણ પામે તે હેતુ થી બંધારણ સમિતિ એ દુનિયા ના વિવિધ દેશો ના બંધારણ નો અભ્યાસ કરી ને આપણાં બંધારણ ની રચના કરી. અને 26 જાન્યુઆરી એ આ બંધારણ ભારત ની જનતા યે અપનાવી ને એક નવા યુગ ની શરૂઆત કરી. આ દિવસ એટલે 26 જાન્યુઆરી અને આ દિવસ ભારત ની જાનતા માટે સ્વાભિમાન નો દિવસ હતો.

આમ 26 જાન્યુઆરી ભારત નો ગૌરવવંતો દિવસ છે. ભારત ભાર માં આ દિવસે ધૂમધામ થી ઉજવણી કરવા માં આવે છે. દેશના તમામ વિશ્વ વિધ્યાલયો, સરકારી ઓફિસો, સ્કૂલો વગેરે તમામ જગ્યાએ તિરંગો જંડો ફરકાવવા માં આવે છે. સ્કૂલ કોલેજો માં વિવિધ સાંસ્કુતિક કાર્યક્રમો નું આયોજન થાઈ છે. અને હર્ષોલસ થી ઉજવણી કરવા માં આવે છે. અલગ અલગ જગ્યાએ સાંસ્કુતિક કાર્યક્રમો નું આયોજન પણ થઈ છે. અને રાજધાની દિલ્લી માં પણ જોરશોર થી મુખ્ય કાર્યક્રમો નું આયોજન થાઈ છે. દિલ્લી માં વિજય પથ પર દેશ ની સેના પોતાની જુસ્સેદાર પરેડ ના દર્શન કરાવે છે. અને રાષ્ટ્રપતિ 21 તોપો ની સલામી જીલે છે. આમ દિલ્લી માં ખૂબ રંગે ચેંગે ઉજવણી કરવા માં આવે છે.

ગણતંત્ર દિવસે દેશ પોતાના મહાનાઇકો ને યાદ કરે છે. દેશે મહામૂલી આઝાદી મેળવવા માટે હજારો સ્વતંત્ર સેનાનીઓ ની કુરબાની આપી છે.